**સને-૨૦૧૬-૧૭ વર્ષના અંદાજપત્રમાં સમાવિષ્ટ આયોજન અને આયોજન બહારની રૂ.૧૦૦ કરોડ સુધીની રકમની ચાલુ યોજનાઓ(માંગણી ક્રમાંક: ૬૯, ૭૦, ૭૧, ૯૫,'૯૬) ની વહીવટી મંજૂરી બાબત**

ગુજરાત સરકાર
પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: બીયુડી/૧૦/૨૦૧૬/૧૮૨૦૫૭/બ
સચિવાલય, ગાંધીનગર
તા.30/03/૨૦૧૬

**ઠરાવ:-**

પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના સને-૨૦૧૬-૧૭ વર્ષના અંદાજપત્રમાં માંગણી ક્રમાંક: ૬૯,૭૦, ૭૧, ૯૫, ૯૬ હેઠળ આયોજન તેમજ આયોજન બહાર સદર હેઠળ ચાલુ યોજનાઓ માટે રૂ.૧૦૦ કરોડ સુધીની અંદાજપત્રીય જોગવાઇ કરવામાં આવેલ છે. આ ચાલુ યોજનાઓની સને-૨૦૧૬-૧૭ ના વર્ષમાં ખર્ચ કરવા માટે વહીવટી મંજૂરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી.

કાળજી પૂર્વકની વિચારણાના અંતે નીચે મુજબ દર્શાવેલ આયોજન અને આયોજન બહાર હેઠળની યોજનાઓની ચાલુ બાબતોને સને-૨૦૧૬-૧૭ ના નાણાંકીય વર્ષમાં ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આ સાથે દર્શાવેલ શરતોને આધિન આપવાનું ઠરાવવામાં આવે છે,

(રૂ. લાખમાં)

| SR. NO | Budget Head | Description | B.E. 2016-17 | State | CSS | Budget Publi.No | Page No. |
|---|---|---|---|---|---|---|---|
| 1 | 69-2251-00-090-01 | Department Proper Renovation | 15.00 | 15.00 | 0 | 19 | 30 |
| 2 | 69-2251-00-800-01 | IT(Dept.Proper) | 20.00 | 20.00 | 0 | 19 | 32 |
| 3 | 69-2251-00-800-02 | HRD | 12.70 | 12.70 | 0 | 19 | 32 |
| 4 | 70-2515-00-800-09 | CDP-1 Technology | 9361.00 | 8000.00 | 1361.00 | 19 | 65 |
| 5 | 70-2515-00-800-05 | CDP-2 Survey and Study | 4400.00 | 4400.00 | 0 | 19 | 65 |
| 6 | 70-2515-00-800-11 | CDP-7 14th Finance Commission | 7.00 | 7.00 | 0.00 | 19 | 66 |
| 7 | 70-2515-00-800-01 | CDP-11 EVM-Panchayat Election/ Samras | 1750.00 | 1750.00 | 0 | 19 | 63 |
| 8 | 70-2515-00-102-03 | CDP-4 Sarvoday Yojana | 162.00 | 162.00 | 0 | 19 | 59 |
| 9 | 70-2515-00-102-04 | CDP-5 TCM Panchayat Ghar | 100.00 | 100.00 | 0 | 19 | 59 |
| 10 | 70-2515-00-102-05 | CDP-6 Pan.Fin.Board | 10.00 | 10.00 | 0 | 19 | 60 |
| 11 | 70-2515-00-102-10 | CDP-18 Seed Money | 426.00 | 426.00 | 0 | 19 | 61 |
| 12 | 70-2515-00-102-06 | CDP-9 Tirth Gam Pavan Gam | 50.00 | 50.00 | 0 | 19 | 60 |
| 13 | 70-2515-00-198-01 | Professional Tax 50% | 200.00 | 200.00 | 0 | 19 | 62 |
| 14 | 70-2515-00-003-02 | Training for Electedd Representative of PRI | 10.00 | 0.00 | 10.00 | 19 | 50 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 15 | 70-2515-00-101-02 | New Post Cre.for New DP/TP | 1088.00 | 1088.00 | 0 | 19 | 51 |
| 16 | 70-2515-00-102-07 | CDP-10 Panchavati | 5220.00 | 5220.00 | 0 | 19 | 60 |
| 17 | 70-2515-00-800-03 | CDP-14 Swachcha Gam | 4500.00 | 4500.00 | 0 | 19 | 64 |
| 18 | 70-2515-00-102-11 | RGPSA | 10.00 | 2.50 | 7.50 | 19 | 61 |
| 19 | 71-2216-03-102-04 | HSG-1 SPAY | 10000.00 | 10000.00 | 0 | 19 | 20 |
| 20 | 71-2216-03-103-05 | HSG-3 Land Wquisition | 740.00 | 740.00 | 0 | 19 | 22 |
| 21 | 71-2216-03-102-06 | HSG-4 Land Development | 50.00 | 50.00 | 0 | 19 | 21 |
| Demand - 95 | | | | | | | |
| 22 | 95-2216-03-800-01 | HSG-1 Sardar Patel Aawas Yojana | 3000.00 | 3000.00 | 0 | 24(ii) | 82 |
| 23 | 95-2216-03-800-04 | HSG-3 Land Aquisation | 80.00 | 80.00 | 0 | 24(ii) | 83 |
| 24 | 95-2216-03-102-01 | HSG-4 Land Development | 20.00 | 20.00 | 0 | 24(ii) | 81 |
| 25 | 95-2515-00-800-01 | CDP-4 Sarvoday Yojana | 17.50 | 17.50 | 0 | 24(ii) | 203 |
| 26 | 95-2515-00-800-03 | CDP-7 14th Finance Commission | 1.00 | 1.00 | 0 | 24(ii) | 203 |
| 27 | 95-2515-00-800-05 | CDP-10 Panchavati | 25.00 | 25.00 | 0 | 24(ii) | 204 |
| 28 | 95-2515-00-800-08 | CDP-17 Rurban | 4700.00 | 4700.00 | 0 | 24(ii) | 204 |
| Demand - 96 | | | | | | | |
| 29 | 96-2216-03-796-12 | HSC-15 SPAW | 7000.00 | 7000.00 | 0 | 24(iv) | 117 |
| 30 | 96-2216-03-796-15 | HSG-15/A Sp.Provision for TDD | 1650.00 | 1650.00 | 0 | 24(iv) | 118 |
| 31 | 96-2216-03-796-17 | HSG-3 Land Aquisation | 180.00 | 180.00 | 0 | 24(iv) | 118 |
| 32 | 96-2216-03-796-18 | HSG-4 Land Development | 30.00 | 30.00 | 0 | 24(iv) | 119 |
| 33 | 96-2515-00-796-01 | CDP-3 Strngthening D/T/Panchayats | 6200.00 | 6200.00 | 0 | 24(iv) | 278 |
| 34 | 96-2515-00-796-04 | CDP-4 Sarvoday Yojana | 39.50 | 39.50 | 0 | 24(iv) | 278 |
| 35 | 96-2515-00-796-15 | CDP-10 Panchavati | 55.00 | 55.00 | 0 | 24(iv) | 280 |
| 36 | 96-2515-00-796-12 | CDP-7 14th Fin.Comm. CSS | 2.00 | 2.00 | 0 | 24(iv) | 280 |
| 37 | 96-2515-00-796-20 | CDP-17 Village Rurban | 4825.00 | 4825.00 | 0 | 24(iv) | 280 |

**શરતોઃ-**

(૧) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૫) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ તમામ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૬) આ મંજુરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) આ કામમાં ટેન્ડર પ્રોસેસીંગ કરવાનું થતું હોય તો સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક:એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ. માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓ તથા વખતોવખતની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) આ યોજના હેઠળ જગ્યાઓની મંજુરી મેળવવાની થતી હોય તો તે માટે અલગથી મંજુરી માટેની દરખાસ્ત કરવાની રહેશે.

(૯) કેન્દ્ર સરકાર દ્વારા ફંડીંગ પેટર્નમાં ફેરફાર કરવામાં આવે તો તે મૂજબ સુધારેલ વહીવટી મંજુરી માટે નાણા વિભાગને દરખાસ્ત કરવાની રહેશે તેમજ તે મૂજબ વિભાગે સુધારેલ અંદાજપત્રમાં જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૧૦) કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ માટે ભારત સરકારશ્રીની સૂચનાઓ તથા ગાઇડલાઇન્સનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે. યુટીસી સમયસર મોકલવાના રહેશે.

(૧૧) કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓની શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

**(૧૨) મકાન બાંધકામ અંગેની નીચે દર્શાવેલ શરતોનું ચૂસ્તપણે અમલ કરવાનું રહેશે.**

(૧) બાંધકામના કામોની દરખાસ્તોની મંજુરી માટે વિભાગે તાત્કાલિક પ્રવર્તમાન S.O.R. મૂજબ નકશા અંદાજો રજુ કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજુરી મેળવવાની રહેશે.

(૨) બાંધકામના કામોમાં P.W.D. મેન્યુઅલની જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.

(૩) સૂચિત કામો પૈકી જે કામો MNREGA હેઠળ આવરી લેવાય તેમ હોય તેવા કામોનો ખર્ચ MNREGA યોજના હેઠળ ઉધારવામાં આવે તે અંગે વિભાગે તકેદારી રાખવાની રહેશે.

(૪) આ કામ માટે જમીન સંપાદન કરવાની જરૂરિયાત જણાય તેવા સંજોગોમાં જમીન સંપાદન અંગેની કાર્યવાહી વિભાગ કક્ષાએ સત્વરે પૂર્ણ કરાવી લેવાની રહેશે. અને જમીન સંપાદન અંગેની કામગીરી પૂર્ણ કર્યા બાદ જ વર્ક ઓર્ડર આપવાના રહેશે.

(૫) રેલવે, નેશનલ હાઇવે ઓથોરીટી, પુરાતત્વ ખાતુ, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, સ્થાનિક સત્તામંડળ વગેરે જેવી ઓથોરીટીની મંજુરી જરૂરી હોય તેવા કિસ્સામાં આવી મંજુરી મેળવ્યા બાદ જ બાંધકામ અંગેની કામગીરી હાથ ધરવાની રહેશે.

(૬) આ કામની ડિઝાઇન તૈયાર કરતી વખતે અને યોજનાનાં અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) શક્ય હોય ત્યાં પ્રસ્તુત બાંધકામમાં ગ્રીન બિલ્ડીંગના અભિગમનો પણ અમલ કરવાનો રહેશે.

(૮) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક:એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ. માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવમાં આવેલ સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) મંજુર થયેલ અંદાજોમાં કોઇ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજુરી સમયસર મેળવવાની પૂરતી તકેદારી રાખવાની રહેશે.

(૧૦)સરકારશ્રીની મંજુરીથી જો કોઇ અલાયદા એકમને બાંધકામની જવાબદારી સોંપવામાં આવી હોય તે સિવાયના બાંધકામના તમામ કિસ્સામાં રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગ મારફત જ કામગીરી કરવાની રહેશે.

(૧૩) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૪) પ્રવર્તમાન યોજનાના નોમ્સ અને સહાયની રકમોમાં જે ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

પ્રસ્તુત ઠરાવ નાણાં સલાહકારશ્રી(પંચાયત) ની અને અગ્ર સચિવશ્રી(પંચાયત) ની ,સરખા ક્રમાંકની ફાઇલ ઉપર તા.૨૯/૦૩/૨૦૧૬ ની નોંધથી મળેલ અનુમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

**(એસ.બી.ચૌધરી)**
નાયબ સચિવ
પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,

**પ્રતિ**

- માન.રાજયકક્ષાના મંત્રીશ્રી (પંચાયત) , પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.સંસદીય સચિવશ્રી, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી(ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગ્રામ વિકાસ, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- વિકાસ કમિશ્નરશ્રી , વિકાસ કમિશ્નરશ્રીની કચેરી , ગુજરાત રાજ્ય ગાંધીનગર
- કમિશ્નરશ્રી, ગ્રામ વિકાસ , ગ્રામ વિકાસ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય , ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, (પંચાયત) , નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (ગ્રામ વિકાસ) પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ સચિવાલય, ગાંધીનગર
- સર્વે નાયબ સચિવશ્રીઓ, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ સચિવાલય, ગાંધીનગર
- ઉપસચિવશ્રી (બજેટ) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ઉપસચિવશ્રી (બજેટ) આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ઉપસચિવશ્રી (બજેટ) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટ જનરલશ્રી(એકાઉન્ટસ ), ગુજરાત રાજય, અમદાવાદ, રાજકોટ
- એકાઉન્ટ જનરલશ્રી(ઓડિટ), ગુજરાત રાજય, અમદાવાદ, રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીની કચેરી, ગાંધીનગર/અમદાવાદ.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, ગુજરાત રાજય, ગાંધીનગર
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રીઓ, ઠ,મ,ચ,જ,ઝ,આઇ.ટી,ન,ગ,ખ,ડ,ત,પી,લ,ખ-૧,ખ-૨, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સીસ્ટમ મેનેજર, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, (વિભાગની વેબ સાઇટ પર ઠરાવ મુકવા સારૂ.)
- સિલેકટ ફાઇલ